### વડગામમાં આવેલા જનસેવા કેન્દ્રમાં દાખલા કઢાવવા આવેલા

# દાખલા મેળવવા અરજદારોની પડાપડી

### દાખલા મેળવવા અરજદારોની ભારે ભીડ જામતા હંગામો : વધુ ઓપરેટરોની વ્યવસ્થા કરવામાં આવી તેવી અરજદારોની માંગ

વડગામ તાલુકા મથકે આવેલા જનસેવા કેન્દ્રમાં દાખલા કઢાવવા આવતા અરજદારોની રોજે રોજ ભારે ભીડ જામતી જાય છે. જેને લઈને અરજદારોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડશે અને આખો દિવસ દાખલા મેળવવા રાહ જોયને અરજદારોને ઉભા રહેવું પડે છે. ત્યારે અરજદારોની આજે ભારે ભીડ વચ્ચે ભારે હોબાળો મચાવ્યો હતો. જનસેવા કેન્દ્રમાં વધુ કોમ્પ્યુટર ઓપરેટરોની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ અરજદારો દ્વારા કરાઈ હતી.



વડગામમાં આવેલ જનસેવા કેન્દ્રમાં ક્રિમિનલ આવક ના દાખલા રેશનકાર્ડમાં સુધારા સહિતના વિવિધ કામો માટે આવતા અરજદારો દિવસે દિવસે ભારે ભીડ જામતી રહી છે એક બાજુ ઉનાળાની અસહ્ય ગરમી માથું ઉંચકી રહી છે અસહ્ય ગરમીમાં જ અરજદારો ને હાલાકીઓ વેઠવાનો વારો આવ્યો છે દાખલા કઢાવવા માટે આવતા અરજદારોની સંખ્યા વધતા જનસેવા કેન્દ્રમાં અવ્યવસ્થા સર્જાતી રહી છે. અરજદારોને કલાકો સુધી દાખલા મેળવવા રાહ જોવી પડે કેટલાક અરજદારો વચ્ચે તું તું મેં મેં ના દ્રશ્યો પણ સર્જાતા રહ્યા છે ત્યારે કેટલાક અરજદારો એ જણાવ્યું હતું કે તે જવાબદાર અધિકારીઓ દ્વારા જનસેવામાં વધુ ટેમ્પરી કોમ્પ્યુટર ઓપરેટરોની વધુ વ્યવસ્થા કરવામાં આવે તો વડગામ પંથકના લોકોની સમસ્યા હલ થઈ શકે તેમ છે.

# ડીસાના બસ સ્ટેન્ડ રોડ પર ટ્રાફિક ચક્કાજામ

### જાહેર રોડ પર વાહનોનો ખડકલો

ડીસા, તા. ૪

ડીસાના સરદાર બાગથી બસ સ્ટેન્ડ રોડ ઉપર આડેધડ પાર્ક પડેલા વાહનોના કારણે અવારનવાર ટ્રાફીક ચક્કાજામ થાય છે જે ટ્રાફિકમાં વાહન ચાલકો પોતાના વાહનો રોડ ઉપર આડેધડ પાર્ક કરી દે છે તેથી પહોળો રોડ પણ સાંકડો બની જાય છે જેના કારણે અવારનવાર ટ્રાફિક જામ થાય છે જેથી રોડની બન્ને સાઈડે વાહનોની લાઈનો લાગી જાય



સાથે રાહદારીઓ પણ અટવાય છે.

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસાના બસ સ્ટેન્ડથી સરદાર બાગ સુધીના રોડ ઉપર પ્રાંત કચેરી સહિતની સરકારી કચેરીઓ આવેલી છે તેથી આ રોડ ઉપર આખો દિવસ વાહનો સાથે લોકોની વધુ અવરજવર રહે છે પરંતુ રોડ ઉપર વાહનોનો ખડકલો જોવા મળે છે વેપારીઓ સાથે સરકારી કચેરીઓમાં કામ અર્થે આવતા લોકો પણ છે તેથી રાહદારીને પણ નીકળવું મુશ્કેલ થઈ જાય છે જયારે વાહન ચાલકોને તો ભીષણ ગરમીમાં પણ કલાકો સુધી ટ્રાફિકમાં અટવાવું પડે છે તેમ છતાં ટ્રાફિક પોલીસ ફરકતી પણ નથી તેથી નીકળવાની લ્હાયમાં વાહન ચાલકો વચ્ચે ચકમક ઝરે છે અને નાના અકસ્માતો પણ સર્જાય છે જેને ગમ્ભીરતાથી લઈ કાયમી ટ્રાફિક નિયમન થાય તેવો જનમત પ્રવર્તે છે.

## પાલનપુરમાં વિજકરંટ લાગતાં મહિલાનું મોત : પરિવારમાં શોક છવાયો

પાલનપુર

પાલનપુરમાં આજરોજ જનતાનગર વિસ્તારમાં રહેતી એક મહીલા સવારે મોટર ચાલુ કરી પાણી ભરવા જતા વિજ કરંટ લાગ્યો હતો.જેથી મહીલાને પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.જ્યાં ફરજ ઉપરના તબિબે મૃત જાહેર કરતા પરીવારમાં શોક છવાયો હતો.

બનાસકાંઠામાં ૧ જુનથી ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા વિજ સલામતી સપ્તાહની ઉજવણી કરી લોકોને જાગૃત કરવામા આવી રહ્યા છે.ત્યારે સપ્તાહ ચાલી રહી છે.તેના સમય ગાળા દરમીયાન પાલનપુર જનતાનગર વિસ્તારમાં રહેતા જશીબેન (ઉ.વ.૩૫) વહેલી સવારે પાણી ભરવા માટે મોટરનો વાયર પ્લગમાં લગાવતી વખતે વિજ કરંટ લાગ્યો હતો.અને મહીલા ત્યાંજ ઢળી પડી હતી.જેથી પરીવારના સભ્યો સહીત આજુ-બાજુથી લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.અને મહીલાને સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.તે સમય ફરજ ઉપરના તબિબે મહીલાને મૃત જાહેર કરતા પરીવારમાં શોક છવાયો હતો.

### વડગામ તાલુકાના નળાસરમાં અનુસુચિત જાતિના લોકો માટે

# પાણી પુરવઠા દ્વારા બાર વર્ષ પહેલાં બનાવેલા પાણીના ટાંકામાં ટીપુંય પાણી ભરાયું નથી

### ખાસ અંગભુત યોજના હેઠળ બનાવેલ પાણીનું ટાંકું અને હવાડો આજ દિન સુધી ખાલીખમ

વડગામ તાલુકાના નળાસર ગામમાં અનુસુચિત જાતિના લોકો માટે ૧૨ વર્ષ પહેલાં બનાવેલ પાણીનું ટાકું અને ઢોરો માટે ના



હવાડા માં આજ દિન સુધી ટીપું પાણી પણ ભરાયું નથી માત્ર ટાંકું અને હવાડો નામ પુરતા જ બનીને શોભાના ગોઠીયા બની રહેતાં જર્જરિત પણ બની ગયા છે.

નળાસરમાં જાદવ વાસ અને વાલ્મીકિ વાસ પાસેના મહોલ્લા પાસે બાર વર્ષ પહેલાં પાણી પુરવઠા યોજના હેઠળ પાણીનું ટાંકું અને ઢોરો ને પાણી પીવા માટેનો હવાડો બનાવયો હતો જે બનાવાયા બાદ આજદીન સુધી ટીપું એ પાણી હવાડામાં કે ટાંકા માં સ્થાનિક પંચાયત દ્વારા ભરવામાં આવ્યું નથી બાર વર્ષથી આ ટાંકું અને હવાડો ખાલીખમ રહેવા પામ્યો છે આ ટાંકામાં બનાવ્યાં બાદ આજ દિન સુધી પાણી ભરવામાં આવતું નથી તો પાણી પુરવઠા દ્વારા ટાંકું બનાવવાનો અર્થ શું ? માત્ર પાણી પુરવઠા દ્વારા અનુસુચિત જાતિના લોકોની ગ્રાન્ટનો દુરઉપયોગ કરી સરકારી બાબુઓ અને કોન્ટ્રાક્ટર ભેગા મળીને સરકારી ગ્રાન્ટ માત્ર દેખાવ પુરતી વાપરીને હજજરો રુપિયા હડફ કરી ગયા હોવાના આક્ષેપ લોકોમાં થઈ રહ્યા છે ઢોરોને પાણી પીવાનો હવાડામાં પણ પાણી ભરવામાં આવતું નથી કાળઝાળ ગરમીમાં પશુઓ સો મણનો નિસાસો નાખીને પાછા ફરે છે સ્થાનિક પંચાયત ને હવાડા માં કે ટાંકા માં પાણી ભરવા માટે ફુરસદ જ મળતી હતી.

જેના કારણે વર્ષો પહેલાં બનાવેલ ટાંકુ શોભાના ગોઠીયા સમાન બની જઈને આજે જર્જરિત પણ બની ગયું છે આ બાબતે પાણી પુરવઠા બોર્ડ ના જવાબદાર અધિકારીઓ દ્વારા બીન જરૂરી બનેલા ટાંકા ની તપાસ હાથ ધરી ને માત્ર કોન્ટ્રાકટર અને પાણી પુરવઠા ના કર્મીઓ દ્વારા ગ્રાન્ટ માત્ર નામ પુરતી વાપરીને સરકારી નાણાં નો દુર ઉપયોગ કરનાર તત્વો સામે તપાસ કરીને નાણાં ની રીકવરી કરાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

## અરવલ્લી હોટલ રેસ્ટોરન્ટ એન્ડ ગેસ્ટહાઉસ એસોસિએશનના હોદેદારોની વરણી

અરવલ્લી હોટલ રેસ્ટોરેન્ટ એન્ડ ગેસ્ટહાઉસ એસોસીએશનની સામાન્ય સભા ઓઘારી મંદિર ખાતે યોજાઈ ગઈ. જેમાં સર્વાનુમતે નવિન કારોબારી અને પ્રમુખની વરણી કરવામાં આવી તેમજ ફાયરસેફ્ટીના કાયદા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. નવા વરાયેલ પ્રમુખ તરીકે





પ્રકાશભાઈ ભાવસાર, અપના ફાસ્ટ ફૂડ ઉપપ્રમુખ તરીકે હિમાંશુ ભાવસાર, વસંત રેસ્ટોરન્ટ મંત્રી તરીકે ભાવેશભાઈ શેઠ, ભાવનગરી સ્વીટ માર્ટ સહમંત્રી મિતેશભાઈ રામજીયાણી, કચ્છી દાબેલી સલાહકાર તરીકે વિનોદભાઈ વિ. ભાવસાર, હોટલ પૂર્ણિમા તેમજ દિલીપભાઈ ડી. પટેલ, શુભલક્ષ્મી ગેસ્ટહાઉસને સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ મિટિંગમાં હોટલ અને રેસ્ટોરન્ટ તેમજ ગેસ્ટહાઉસના ધંધાને લગતા કાયદાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

### ભિલોડા તાલુકાની મોંધરી ગ્રૂપ ગ્રામ પંચાયત સમરસ

# નાંદોજ ગ્રૂપ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચપદના સાત ઉમેદવારો વચ્ચે જંગ

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં નાંદોજ ગ્રૃપ ગ્રામ પંચાયતની ચુંટણીનું મતદાન તા.૧૬/૬/૨૦૧૯ના રોજ યોજાશે અને મતગણતરી તા.૧૮/૬/૨૦૧૯ ના રોજ યોજાશે.સરપંચ પદના ૭ ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામશે જ્યારે મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયત સમરસ જાહેર કરાતાં મતદારોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

ચુંટણી અધિકારી સી.બી.અસારીએ જણાવ્યું હતું કે ૨ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાવાની હતી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયત સમરસ જાહેર કરાઈ હતી. મોંધરી ગ્રૃપ ગ્રામ પંચાયત સમરસ સરપંચ પદે ગીતાબેન અશોકભાઈ પટેલ સહિત ૭ સભ્યો બિનહરીફ ચુંટાયા છે.

નાંદોજ ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ પદના ૧૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ૪ ઉમેદવારી પત્રો પરત ખેંચાયા હતા. ૨ ઉમેદવારી પત્રો રદ થઈ ગયા હતા.હવે ૭ સરપંચ પદના ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામશે ઉમેદવારોની યાદી નીચે મુજબ છે.

(૧) સવાભાઈ ધુળાભાઈ વણકર (૨) કેવળભાઈ આસુભાઈ વણઝારા (૩) રમણભાઈ જેઠાભાઈ પટેલ (૪) જયંતિલાલ લાલાભાઈ વણકર (૫) બાબુભાઈ લવજીભાઈ વણકર (૬) નાથાભાઈ દયારામભાઈ વણઝારા (૭) રાજુભાઈ બદાભાઈ ડામોર વચ્ચે ખરાખરીનો જંગ જામશે તેમ મતદારોએ જણાવ્યું હતું.નાંદોજ ગ્રૃપ ગ્રામ પંચાયત ૭ વોર્ડમાં સભ્યો બિનહરીફ ચુંટાયેલા જાહેર કર્યા અને ત્રણ વોર્ડમાં સભ્યોની ચુંટણી યોજાશે.

### શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક કારમાંથી

# પિસ્તોલ સાથે બે લબરમૂછિયા બુટલેગરોને ૧.૪૪ લાખના દારૂ સાથે દબોચ્યા

શામળાજી, તા. ૪

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલી અરવલ્લી જીલ્લાની રાજસ્થાનને જોડતી





આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પ્રાંતીય-પર પ્રાંતીય બુટલેગરોમાં વિદેશી દારૂ ઘુસાડવા સેફ-હેવન હોય તેમ કરોડો રૂપિયાનો વિદેશી દારૂ વર્ષે દહાડે ઠાલવી રહ્યા છે. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી કેપ્ટીવા ગાડીમાંથી ૨ હરિયાણાના લબરમૂછિયા બુટલેગરોને દેશી પિસ્તોલ સાથે ૧.૪૪ લાખના વિદેશી દારૂ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પીએસઆઈ કેતન વ્યાસ અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરી રાજસ્થાન તરફથી શંકાસ્પદ ઝડપ સાથે આવી રહેલી સેવરોલેટ કેપ્ટીવા( ગાડી.નં-ડીએલ.૮.સીએલ.૫૨૮૯)ને અટકાવી તલાસી લેતા કારમાં પાછળના ભાગે સીટ નીચે ગુપ્ત ખાનામાં સંતાડેલી વિદેશી દારૂની બોટલ નંગ-૪૮૦ કીં. રૂ.૧૪૪૦૦૦નો જથ્થો જપ્ત કરી નરેન્દ્રકુમાર ધાણક. ઉં. વર્ષ-૨૦, રહે. કબીર બસ્તિ, રેલવે સોલંકી, બહાદુરગઢ, હરિયાણા), મોનુ ધરમસિંગ ચમાર (ઉં.વર્ષ-૧૯, રહે. મહાવીર કોલોની, પ્રતાપ સંકુલની પાછળ, ખરખોદા, હરિયાણા)ની અંગ ઝડતી લેતા તેમની પાસેથી દેશી પિસ્તોલ પણ મળી આવતા પોલીસ પણ ચોકી ઉઠી હતી બંને બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

શામળાજી પોલીસે કેપ્ટીવા ગાડીમાંથી વિદેશી દારૂ કીં. રૂ.૧૪૪૦૦૦, દેશી પિસ્તોલ નંગ-૧ કીં. રૂ.૧૦૦૦૦, મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૧૫૦૦ તથા કેપ્ટીવા ગાડી કીં. રૂ.૫૦૦૦૦૦ મળી કુલ રૂ.૬૪૫૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ ભરી આપનાર લાઈનપર વસ્તી, બહાદુર ગઢ હરિયાણાના બુટલેગર સુમિત વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી તથા દેશી હાથ બનાવટની રિવોલ્વર કીં. રૂ.૧૦૦૦૦ અંગે આર્મ્સ એક્ટ હેઠળ અલાયદો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## જિલ્લાની ૩૩૬ શાળાઓને ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ કરાવવા તંત્રનો આદેશ

### સુરતની ઘટના બાદ સેફઅટી પોલીસી અંતર્ગત અભિયાન શરૂ કરાયું

હિંમતનગર, તા. ૪

તાજેતરમાં સુરત ખાતે ખાનગી ટ્યુશન ક્લાસીસમાં લાગેલી આગને કારણે ૨૨ બાળકો હોમાઈ ગયા બાદ રાજ્ય સરકાર હરકતમાં આવી હતી અને રાજ્યની તમામ ખાનગી અને સરકારી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે આદેશ કર્યા છે. ત્યારે તાજેતરમાં સાબરકાંઠા આવેલી સરકારી, ખાનગી અને અન્ય શૈક્ષણિક મળી ૩૩૬ શાળાઓમાં ફાયરસેફ્ટીની સુવિધા ઉભી કરવા માટે કરેલા આદેશ બાદ તેનુ નવા સત્ર પહેલા નિરીક્ષણ કરી દેવામાં આવ્યું છે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ વ્યાસ તથા પ્રાથમિક શિક્ષણાધિકારી ગઢવીના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં આવેલી બધી મળીને ૩૩૬ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સહીત ખાનગી શાળાઓ અને કોલેજોમાં ફાયરસેફ્ટીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે કરાયેલા આદેશ બાદ આચાર્યો અને સંચાલકો તથા શિક્ષકો સાથે જિલ્લા ડિઝાસ્ટર, નગરપાલિકા અને સલંગ્ન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે તા. ૧ અને ૩ જુનના રોજ હિંમતનગરની ગ્રૌમોર વિદ્યાલયમાં મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં તમામ સંચાલકો, આચાર્યો અને શિક્ષકોને વેકેશન પૂર્ણ થાય તે પહેલા ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે આદેશ કરાયા હતા.

ત્યારબાદ શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે કે નહી તે અંગે સમીક્ષા કરવા માટે ઈડર ડાયેટમાં પણ મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ મીટીંગમાં તજજ્ઞો દ્વારા સેફ્ટી પોલીસી અંતર્ગત કેવા સાધનો રાખવા જોઈએ અને આગ તથા આકસ્મિક દુર્ઘટના બને ત્યારે સ્વબચાવ માટે શુ કરવુ જોઈએ તે અંગે સમજ આપવામાં આવી હતી. તંત્રના આદેશ બાદ જિલ્લાની ૩૩૬ સ્કૂલોમાં રખાયેલા ફાયર સેફ્ટીના સાધનો અને રીફીલીંગ કરાવ્યા બાદ તે અંગેના પ્રમાણપત્રો પણ શાળાઓએ મેળવી લીધા હોવાનો દાવો કરાયો છે.

### ખંભીસર અનુ.જાતિ યુવકના વરઘોડામાં ઘર્ષણ વિવાદ

# દલિત આગેવાન હસમુખ સક્સેનાનું એસ.પી. કચેરીએ આત્મસમર્પણ

મોડાસા, તા. ૪

મોડાસા તાલુકાના ખંભીસર ગામના જયેશ ડાહ્યાભાઈ રાઠોડ નામના દલિત યુવકના વરઘોડામાં ગામના પટેલ સમાજના માણસોએ વિરોધ કરવાના ઈરાદે અને મહિલાઓએ જાહેરમાર્ગ પર બેસી



ભજન-કીર્તન કરતા દલિત યુવકનો વરઘોડો અટવાઈ ગયા પછી પોલીસતંત્રની નિષ્ફળતાના પગલે બંને ટોળા આમને-સામને આવી જતા ઘર્ષણ પેદા થયા પછી બે જૂથ વચ્ચે પથ્થરમારો થતા ગુસ્સે ભરાયેલા ટોળાએ પોલીસ અધિકારી અને કર્મચારીઓને નિશાન બનાવી મારી નાખવાના ઈરાદે અણીદાર પથ્થરો વડે ઘા કરતા અને સરકારી વાહનોમાં તોડફોડ કરતા ભારે ચકચાર મચી હતી. સમગ્ર બનાવને ૨૪ કલાક જેટલા સમય પછી પોલીસ જાતે ફરિયાદી બની હતી. મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં અનુ.જાતિ સમાજના અગ્રણી હસમુખ સક્સેના સહીત ૪ શખ્સો અને ૩૦૦ના ટોળા સામે ફરિયાદ નોંધાઈ હતી. આ ઘટનાના ૨૨ દિવસ પછી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા હસમુખ સક્સેનાએ જીલ્લા પોલીસવડા કચેરી ખાતે આત્મસમર્પણ કરી લીધું હતું.

બુદ્ધિજીવી યુવા ફોરમ અને રાષ્ટ્રીય હિતરક્ષક દળના અગ્રણી હસમુખ સક્સેના પણ ખંભીસર વરઘોડા ઘર્ષણ સમયે ઉપસ્થિત હતા. પોલીસે તેમના પર વરઘોડામાં ઉશ્કેરણીજનક ભાષણનો આરોપ લગાવી તેમના સંબોધન પછી ઘર્ષણ થયાનો આક્ષેપ કરી ઘર્ષણ સમયે થયેલા બંને પક્ષના સામ-સામા પથ્થરમારામાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓને અને સરકારી વાહનોમાં તોડફોડ થતા હસુમખ સકસેના સામે પણ ફરિયાદ નોંધાઈ હતી.

મંગળવારે સવારે આત્મસમર્પણ કરવા પહોંચેલા હસમુખ સક્સેનાએ ખરેખર હું ગુન્હેગાર ન હોવાનું અને ખોટી રીતે મારી પર ખોટી કલમ લગાવામાં આવી છે. પોલીસે તેમની પર બેરહેમીપૂર્વક તૂટી પડતા મારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધા પછી અન્ય સારવાર લીધા પછી શરીરમાં આરામ લાગતા સામેથી આત્મસમપર્ણ કરવા આવ્યો છું અને વરઘોડા ઘર્ષણ પછી સમાધાન પ્રક્રિયા હાથ ધરી હતી તેમાં સફળતા ન મળતા અને અમે શાંતિથી જીવવાવાળા લોકો હોવાથી આત્મસમર્પણ કરી રહ્યો છું.

હસમુખ સક્સેનાને આત્મસમર્પણ સમયે તેમની ટીમ અને મોટી સંખ્યામાં દલિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન પાસેથી રાત્રીના સમયે ચીલઝડપ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસેથી રાત્રીના સમયે દુકાન બંધ કરીને ઘરે જતા વેપારીની નજર ચૂકવી ત્રણ લાખની ચીલ ઝડપ થઈ હતી.

પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ નિર્માણ કોમ્પ્લેક્સ ખાતે આવેલ કરીયાણા અને વિમલના જથ્થાબંધ વેપારી અનિલકુમાર લધારામ ખુબ ચંદાણી (સિંધી) કે જેવો તારીખ ૧-૬-૨૦૧૯ને શનિવારના રોજ પોતે રાબેતા મુજબ દુકાન બંધ કરીને એકટીવા ઉપર પોતાના ઘરે જઈ રહ્યા હતા



તે સમયે પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસેથી પ્રસાર થઇ રહ્યા હતાં તે દરમ્યાન બે અજાણ્યા મોટર સાયકલ ઉપર મોઢે રૂમાલ બાંધીને આવી ૨૨ થી ૨૫ વર્ષના બે ઈસમો વેપારી અનિલભાઈની નજર ચૂકવી ચાલુ એકટીવા ઉપર આગળની સાઈડે મુકેલ વિમલના થેલામાં રહેલ પર્સ નજર ચૂકવીને બાઈક લઈને ભાગી ગયા હતા. તાત્કાલિક વેપારીને ખબર પડતાં બૂમાબૂમ કરી એકટીવા લઈને અજાણ્યા બાઈકસવાર પાછળ ભાગ્યા હતા.

જોતજોતામાં જ બાઈકસવારો ભાગી ગયા હતા જ્યારે વેપારી અનિલભાઈ દ્વારા છેક સુધી પીછો કર્યો હતો પણ બાઈક અને એકટીવાનો સંગમ થઇ શકયો ન હતો. આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કરતાં પ્રાંતિજ પોલીસે અજાણ્યા બે શખસો વિરૂધ્ધ ગુનોનોધી આગળની શોધખોળ હાથ ધરી હતી અને વેપારીની ફરીયાદ લઈને આઈપીસી કલમ ૩૭૮, ૧૧૪ મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે. નજર ચૂકવીને પર્સ લઈને ભાગેલા બન્ને સખ્સો આગળ લગાવેલ સખ્સો કેમેરામાં કેદ થઈ ગયા છે. પ્રાંતિજ પોલીસે સીસીટીવી ફૂટેજને લઈને પણ તપાસ હાથ ધરી છે.

## પાલનપુર ખાતે ૬ઠ્ઠીએ પાણીના કૂંડાઓ અને ચકલી ઘરનું વિનામૂલ્યે વિતરણ કરાશે

ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાવવા તેમજ ચકલીઓના અસ્તીત્વને બચાવવા મોબાઈલ પશુ સમાધિ સેવા સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પાણીના કૂંડાઓ અને ચકલીઘરનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. પાણીના કૂંડાઓ અને ચકલીઘરનો સારો સદઉપયોગ થાય તે માટે જીવદયાપ્રેમી ભાઈ-બહેનો તા.૬/૬/૨૦૧૯, ગુરૂવારના રોજ બપોરે-૩.૦૦ કલાકથી.. અને કાયમી ધોરણે સોમવારથી શુક્રવાર બપોરે- ૩.૦૦થી ૬.૦૦વાગ્યા સુધી મોબાઈલ પશુ સમાધિ સેવા ગૃપ, પાલનપુર, જીવદયા- માનવ સેવા કાર્યાલય, ઓફિસ નં. ૧૭, વ્હાઈટ હાઉસ, બનાસ હોટલની સામે, પાલનપુર-૩૮૫૦૦૧ મો.૦૯૮૭૯૫૮૪૦૧૭ ઉપર સંપર્ક કરીને પણ મેળવી શકે છે.